For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

૧,૦૦૦થી વધુ ડમી બેન્ક એકાઉન્ટ, આંગડિયા મારફત કરોડોનું હવાલા ટ્રાન્ઝેક્શન; અમદાવાદ, વડોદરા અને સુરતના બુકીઓ CBI-EDના રડારમાં

૯૪ હજાર કરોડના મહાદેવ સટ્ટાકાંડનાં તાર ગુજરાતથી દુબઈ સુધી!

છ રાજ્યોમાં 33 સ્થળે દરોડા બાદ ઓનલાઈન સટ્ટાના આંતરરાષ્ટ્રીય નેટવર્કની કડીઓ ખૂલી; છ જેટલા બુકીઓ વનુઆતુના ટાપુ દેશમાં નાગરિકતા મેળવીને ભાગી ગયાનો તપાસમાં ખુલાસો

(પ્રતિનિધિ) વડોદરા તા.14

મહાદેવ એપ્લિકેશન મારફત ચાલતા અંદાજે 94 હજાર કરોડના ઓનલાઈન ક્રિકેટ સટ્ટા અને બેટિંગ કૌભાંડમાં હવે તપાસની આંચ ગુજરાત સુધી પહોંચી છે. એપના સ્થાપક સૌરભ ચંદ્રાકરની ધરપકડ બાદ CBI દ્વારા કરવામાં આવેલી પૂછપરછમાં દેશભરમાં ફેલાયેલા પેનલ ઓપરેટરો, ફાઇનાન્સરો, બુકીઓ અને હવાલા ઓપરેટરોના નેટવર્ક અંગે ચોંકાવનારી વિગતો બહાર આવી છે. ખાસ કરીને ગુજરાત અને દુબઈ વચ્ચે કરોડો રૂપિયાના હવાલા વ્યવહારો, ડમી બેન્ક ખાતાઓ અને આંગડિયા પેઢીઓ મારફત નાણાંની હેરફેર કરવામાં આવતી હોવાના પુરાવા તપાસ એજન્સીઓને મળ્યા હોવાનું જાણવા મળ્યું છે.

મહાદેવ એપનું નેટવર્ક માત્ર ક્રિકેટ સટ્ટા પૂરતું સીમિત નહોતું. પોકર, ટેનિસ, ફૂટબોલ, તીન પત્તી અને ડ્રેગન ટાઈગર જેવી વિવિધ ઓનલાઈન ગેમિંગ એપ્લિકેશન મારફત પણ યુવાનોને આકર્ષીને મોટા પાયે સટ્ટાનો કારોબાર ચલાવવામાં આવતો હતો. આ સમગ્ર નેટવર્કનું સંચાલન વિદેશમાં બેસીને કરવામાં આવતું હતું, જ્યારે ભારતમાં અલગ-અલગ શહેરોમાં પેનલ ઓપરેટરો, બુકીઓ અને નાણાકીય વ્યવહારો સંભાળતા લોકોની ટીમ કાર્યરત હતી.

CBIની તપાસમાં અમદાવાદ, વડોદરા અને સુરત સહિત ગુજરાતનાં વિવિધ શહેરોમાં આ નેટવર્કની કડીઓ મળી આવી છે. ગુજરાતમાં જ 1,000થી વધુ બેન્ક ખાતાઓ ખોલાવવામાં આવ્યાં હોવાની વિગતો સામે આવી છે. આ ખાતાઓ કમિશનના આધારે ભાડે રાખવામાં આવતાં હતાં અને તેનો ઉપયોગ સટ્ટાની રકમની હેરફેર માટે થતો હોવાની આશંકા છે.

ગુજરાતથી મુંબઈ અને દુબઈ સુધી હવાલાનું સામ્રાજ્ય, ડમી ખાતાં અને આંગડિયા પેઢીઓનો ખેલ

તપાસમાં બહાર આવેલી વિગતો અનુસાર, વર્ષ 2016થી 2024 દરમિયાન અંદાજે એક લાખ જેટલાં ડમી બેન્ક ખાતાં ખોલાવીને કરોડો રૂપિયાની હેરફેર કરવામાં આવી હોવાના પુરાવા CBI અને ED પાસે હોવાનું જાણવા મળ્યું છે. આ માટે સામાન્ય નાગરિકોના ઓળખપત્રોનો ઉપયોગ કરીને બેન્ક ખાતાં ખોલાવવામાં આવતાં હતાં. ત્યારબાદ આ ખાતાં કમિશનના આધારે અન્ય લોકોને સોંપવામાં આવતાં હતાં.

ગુજરાતમાં અમદાવાદ, સુરત, વડોદરા, કચ્છ અને પાટણના બુકીઓ તથા હવાલા ઓપરેટરો આ નેટવર્ક સાથે જોડાયેલા હોવાની વિગતો તપાસમાં સામે આવી છે. અમદાવાદથી મુંબઈ અને ત્યારબાદ મુંબઈથી દુબઈ સુધી નાણાં પહોંચાડવા માટે ડમી બેન્ક ખાતાં, આંગડિયા પેઢીઓ અને હવાલા વ્યવસ્થાનો ઉપયોગ થતો હોવાની તપાસ એજન્સીઓને કડીઓ મળી છે.

વર્ષ 2017થી મહાદેવ એપનું નેટવર્ક દુબઈથી સંચાલિત થતું હોવાની વિગતો પણ તપાસમાં બહાર આવી છે. ગુજરાતના કેટલાક બુકીઓ આંગડિયા મારફત કરોડો રૂપિયા દુબઈ પહોંચાડતા હોવાના પુરાવા મળ્યા હોવાનું જાણવા મળે છે. આ નાણાંના વ્યવહારોને કારણે તપાસ એજન્સીઓ હવે માત્ર સટ્ટાના નેટવર્ક સુધી સીમિત ન રહેતાં તેની પાછળ કાર્યરત નાણાકીય વ્યવસ્થા અને વિદેશી રોકાણોની પણ તપાસ કરી રહી છે.

આ ઉપરાંત, કેટલાક બુકીઓએ સટ્ટાના નાણામાંથી સોનું, લક્ઝરી કાર અને દુબઈમાં મિલકતો તથા અન્ય રોકાણો કર્યાં હોવાના પુરાવા EDની તપાસમાં મળ્યા હોવાનું અહેવાલોમાં જણાવાયું છે.


મહાદેવ એપના પ્રમોટર સૌરભ ચંદ્રાકાર અને તેના ભાગીદાર રવિ ઉત્પલ માટે ગુજરાતમાં કામ કરતા દિનેશ ભરવાડ ઉર્ફે દિનેશ ખંભાતનું નામ પણ તપાસમાં સામે આવ્યું છે. દિનેશ ભરવાડ ગુજરાત અને મુંબઈના બુકીઓ સાથે સંપર્કમાં રહીને મેનેજમેન્ટ સ્તરની કામગીરી સંભાળતો હોવાનો આક્ષેપ છે. તેણે અંદાજે છ કરોડ રૂપિયા ખર્ચીને વનુઆતુ દેશની નાગરિકતા મેળવી હતી અને વર્ષ 2023માં જ દેશ છોડ્યો હોવાનું તપાસમાં બહાર આવ્યું હોવાનું જાણવા મળે છે.

મુંબઈ અને ગુજરાતમાં પેનલ બુકિંગ સાથે સંકળાયેલા જીતેન્દ્ર પટેલ, વિશ્વાસકુમાર સિંહા, પારિતોષ પટેલ, પ્રતીક વર્મા અને નરેશ સહિતના કેટલાક લોકો પણ દેશ છોડીને ભાગી ગયા હોવાની માહિતી સામે આવી છે.

પાટણના ભરત ચૌધરી નામના બુકીને પણ દુબઈથી પરત ફરતી વખતે કચ્છ પોલીસે ઝડપી લીધો હોવાનું જાણવા મળે છે. તે બુકિંગની સાથે ટેકનિકલ સપોર્ટ અને ડેવલપમેન્ટનું કામ કરતો હોવાની વિગતો પણ તપાસમાં સામે આવી છે.

દુબઈથી રવિ ઉત્પલ માટે હવાલાની કામગીરી સંભાળતા ખંજન ઠક્કરનું નામ પણ તપાસમાં ચર્ચામાં આવ્યું છે. ખંજન ઠક્કર મુંબઈ, દિલ્હી અને ગુજરાતના બુકીઓ પાસેથી હવાલાનાં નાણાં એકત્રિત કરતો હોવાનો આક્ષેપ છે. તેના કાકા રમેશ ઠક્કર અમદાવાદમાં હવાલાના નાણાકીય વ્યવહારો સંભાળતા હોવાનું અને મણિનગર વિસ્તારમાં અન્ય એક વ્યક્તિ મારફત નાણાંનું કટિંગ કરાવવામાં આવતું હોવાનું તપાસમાં બહાર આવ્યું હોવાનું જાણવા મળે છે.

મહાદેવ એપ કૌભાંડ : આંકડાઓમાં આખું નેટવર્ક



દુબઈમાં બેઠેલા માસ્ટરમાઇન્ડથી લઈને બોલીવુડના પ્રમોશન સુધી, કરોડોના નેટવર્કની બીજી બાજુ

મહાદેવ એપના સમગ્ર નેટવર્કમાં અમિત મજેઠીયાનું નામ પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. વર્ષ 2016થી સૌરભ ચંદ્રાકારનો માર્ગદર્શક ગણાતો અમિત મજેઠીયા દુબઈથી નેટવર્કનું સંચાલન કરતો હોવાનો તપાસમાં ઉલ્લેખ હોવાનું જાણવા મળે છે. તેની મદદથી સૌરભ ચંદ્રાકારે મહાદેવ એપ લોન્ચ કરી અને તેનું વ્યાપક પ્રમોશન કરવામાં આવ્યું હોવાની વિગતો તપાસ અહેવાલમાં સામેલ હોવાનું કહેવાય છે.

મહાદેવ એપના પ્રમોશન માટે બોલીવુડની જાણીતી હસ્તીઓ અને ક્રિકેટરોને પણ જોડવામાં આવ્યા હતા. આ પ્રમોશનલ કાર્યક્રમો પાછળ મોટી રકમ ખર્ચવામાં આવી હોવાની વિગતો પણ EDના તપાસ અહેવાલમાં હોવાનું જાણવા મળે છે. અમિત મજેઠીયા સામે અમદાવાદ અને સુરત પોલીસમાં બે કેસ પેન્ડિંગ હોવાનો પણ ઉલ્લેખ છે.

આ સમગ્ર નેટવર્કમાં બીજી સહભાગી એપ્લિકેશન અને ગ્રુપની ભૂમિકા પણ તપાસ હેઠળ છે. વિકાસ ગર્ગ દ્વારા સંચાલિત હોવાનું કહેવાતું બીજું ગ્રુપ તથા એબીક્સ ગ્રુપ નામની કંપની અને તેની સાથે સંકળાયેલી બોગસ કંપનીઓના નામે બેન્ક ખાતાં ખોલાવવામાં આવ્યાં હોવાની વિગતો સામે આવી છે.

આ નેટવર્કનું સંચાલન મુખ્યત્વે અમદાવાદ અને મુંબઈના શહેરી વિસ્તારોમાં થતું હોવાનો તપાસમાં ઉલ્લેખ છે. દર મહિને અંદાજે 500થી 700 કરોડનું ટર્નઓવર થતું હોવાની માહિતી પણ તપાસ અહેવાલમાં હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત, નેટવર્ક સાથે સંકળાયેલા યુઝર્સના ડેટા પણ એકત્રિત કરવામાં આવતા હોવાની વિગતો સામે આવી છે.

મહાદેવ એપ સાથે સંકળાયેલી Sky Exchange અને Lotus 365 જેવી વેબસાઇટ તથા પ્લેટફોર્મ મારફત ક્રિકેટ ઉપરાંત પોકર, ટેનિસ, ફૂટબોલ, તીન પત્તી અને ડ્રેગન ટાઇગર જેવી રમતો પર સટ્ટો રમાડવામાં આવતો હોવાનો આક્ષેપ છે. આમ, એક જ નેટવર્ક હેઠળ વિવિધ ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને કરોડો રૂપિયાનો ગેરકાયદે કારોબાર ચલાવવામાં આવતો હોવાની તપાસ એજન્સીઓને શંકા છે.

CBI દ્વારા સૌરભ ચંદ્રાકરની ઓમાનથી 1 નવેમ્બર, 2026ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ તેને રાયપુરની કોર્ટમાં રજૂ કરીને 12 નવેમ્બર સુધી રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા. રિમાન્ડ પૂર્ણ થતાં તેને ફરી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો અને 19 નવેમ્બર સુધી કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

સૌરભ ચંદ્રાકરની પૂછપરછમાં મળેલી વિગતોના આધારે CBIએ ગુજરાત, મહારાષ્ટ્ર, દિલ્હી, પંજાબ, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ સહિત છ રાજ્યોમાં કુલ 33 સ્થળોએ દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી. અમદાવાદ, વડોદરા અને સુરત ઉપરાંત મુંબઈ, નાગપુર, દિલ્હી, અમૃતસર, ધોલપુર, ભોપાલ, રાયપુર અને ઇન્દોર સહિતનાં સ્થળોએ બુકીઓ, પેનલ ઓપરેટરો અને હવાલા ઓપરેટરોની ઓફિસો તથા રહેઠાણોની તપાસ કરવામાં આવી હતી.

દરોડા દરમિયાન મોબાઇલ ફોન, લેપટોપ, ડિજિટલ ડિવાઇસ, ગ્રાહકોનાં ઓળખપત્રો, વાંધાજનક દસ્તાવેજો અને રોકડ રકમ જપ્ત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ ડિજિટલ પુરાવાઓના આધારે હવે બેન્ક ખાતાઓ, નાણાકીય વ્યવહારો અને વિદેશમાં થયેલા ટ્રાન્ઝેક્શનની કડીઓ જોડવાની કામગીરી ચાલી રહી છે.

વડોદરા રેલવે મંડળને એક જ દિવસમાં ૧૨.૯૮ કરોડની આવક

એક દિવસમાં ૧૦.૮૧ કરોડની ફ્રેઈટ આવક પણ રેકોર્ડબ્રેક

કોલસો-અનાજ-કન્ટેનરના લોડિંગથી મંડળે જૂના તમામ રેકોર્ડ તોડ્યા



(પ્રતિનિધિ) વડોદરા, તા.14

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળે આ નાણાકીય વર્ષમાં એક જ દિવસમાં સૌથી વધુ આવક મેળવીને નવો ઈતિહાસ રચ્યો છે. મંડળે એક દિવસમાં કુલ રૂ. 12.98 કરોડની આવક મેળવી છે. આ પહેલા મંડળનો એક દિવસનો સૌથી વધુ આવકનો રેકોર્ડ રૂ. 11.37 કરોડનો હતો, જે હવે તૂટી ગયો છે.

આ રેકોર્ડ આવકમાં પેસેન્જર, ફ્રેઈટ, પાર્સલ અને ટિકિટ ચેકિંગ એમ ચારેય વિભાગની આવકનો મુખ્ય ફાળો રહ્યો છે. બીજી તરફ માલ પરિવહનમાં પણ વડોદરા મંડળે કમાલ કરી છે. મંડળે એક જ દિવસમાં રૂ. 10.81 કરોડની ફ્રેઈટ આવક મેળવીને ચાલુ વર્ષનો સૌથી મોટો રેકોર્ડ બનાવ્યો છે. આ પહેલા એક દિવસમાં માલ લોડિંગથી રૂ. 9.32 કરોડની આવક નોંધાઈ હતી. આમાં કોલસો, અનાજ, કોઈલ્સ, પાઈપ અને કન્ટેનર જેવી મુખ્ય સામગ્રીના લોડિંગનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો હતો. પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી ખેમરાજ મીણાએ આ માહિતી આપી હતી. મંડળ રેલવે મેનેજર રાજૂ ભડકેના નેતૃત્વમાં વડોદરા મંડળે પોતાના જ જૂના રેકોર્ડને પાછળ છોડીને યાત્રી સુવિધા અને માલ પરિવહનમાં નવું ધોરણ સ્થાપિત કર્યું છે.

વડોદરા-જામનગર ઈન્ટરસિટી હવે એક્સપ્રેસ બનશે, ભાડું ઘટશે

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા-જામનગર વચ્ચે દોડતી દૈનિક ઈન્ટરસિટી સુપરફાસ્ટ એક્સપ્રેસ હવે એક્સપ્રેસ ટ્રેન તરીકે દોડશે. રેલવે મંત્રાલયે કેટેગરી બદલવાની મંજૂરી આપતાં બંને દિશામાં મુસાફરીના ટિકિટ દરમાં ઘટાડો થશે.

આ ફેરફાર 12 જાન્યુઆરી, 2027થી અમલી બનશે. હાલની ટ્રેન નંબર 22959 હવે 19029 નંબરથી વડોદરા-જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ તરીકે દોડશે. વડોદરાથી ઉપડતી ટ્રેન જામનગર રાત્રે 11:30ના બદલે 11:40 વાગ્યે પહોંચશે.

જ્યારે વળતી દિશામાં ટ્રેન નંબર 22960 બદલીને 19030 કરવામાં આવ્યો છે. જામનગરથી વડોદરા આવતી ટ્રેનના સમયપત્રકમાં કોઈ ફેરફાર કરાયો નથી. રેલવેએ મુસાફરોને જાન્યુઆરીથી બદલાતા ટ્રેન નંબર અને સમયની નોંધ લેવા અપીલ કરી છે. ટિકિટ બુકિંગ અને સમયપત્રકની માહિતી રેલવેની વેબસાઇટ પરથી મેળવી શકાશે.

ધોરણ-૧થી પના વિદ્યા સહાયકની ભરતી પ્રક્રિયા હવે અંતિમ તબક્કામાં

વિદ્યા સહાયકની ભરતીમાં મોટો ટ્વિસ્ટ પહેલા પ્રમાણપત્ર પાસ પછી જ નિમણૂક

અનામત વર્ગના ઉમેદવારો માટે સરકારે કડક નિયમ કર્યો, અસલ કાગળો સાથે હાજર રહેવું ફરજિયાત

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

ગુજરાતમાં ધોરણ-1થી 5ના વિદ્યા સહાયકની ભરતી પ્રક્રિયા હવે અંતિમ તબક્કામાં પહોંચી છે. પરંતુ નિમણૂક પત્ર હાથમાં આવે તે પહેલા અનામત વર્ગમાં પસંદ થયેલા ઉમેદવારોએ એક મહત્વની પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ અને પ્રાથમિક શિક્ષણ નિયામકની સૂચના મુજબ, હવે તમામ જિલ્લાઓમાં જાતિ પ્રમાણપત્રની ખરાઈની કામગીરી શરૂ કરવામાં આવી છે.

રાજ્ય સરકારના નિયમો મુજબ, કોઈપણ અનામત કેટેગરીમાં નિમણૂક મેળવતા ઉમેદવારનું જાતિ પ્રમાણપત્ર સંબંધિત વિશેષ સમિતિ મારફતે ચકાસવું ફરજિયાત છે. આ નિયમને ધ્યાનમાં રાખીને વર્ષ 2026ની ભરતી પ્રક્રિયામાં પસંદગી પામેલા ઉમેદવારો માટે આ તપાસ અનિવાર્ય બનાવવામાં આવી છે. બોર્ડ અને શિક્ષણ વિભાગનું સ્પષ્ટ કહેવું છે કે, જાતિ પ્રમાણપત્ર માન્ય થયા બાદ જ ઉમેદવારને કાયદેસરનો નિમણૂક હુકમ આપવામાં આવશે. આનાથી ભરતીમાં પારદર્શિતા જળવાશે અને ખરેખર પાત્રતા ધરાવતા સાચા ઉમેદવારોને જ લાભ મળશે. આ માટે સત્તાવાર પરિપત્ર પણ બહાર પાડવામાં આવ્યો છે. જિલ્લા કચેરીઓ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ ઉમેદવારોએ નક્કી કરેલી તારીખે અને સમયે પોતાના અસલ દસ્તાવેજો, જરૂરી આધાર-પુરાવા અને ચેકલિસ્ટ સાથે સંબંધિત વિભાગીય કચેરી ખાતે હાજર રહેવાનું રહેશે. કચ્છ જિલ્લો જેમાં એસસી અને એસઈબીસી ઉમેદવારો માટે 15, 16 અને 17 નવેમ્બરે ચકાસણી હાથ ધરાશે. ભાવનગર અને વાવ-થરાદ માટે 17 નવેમ્બરે નક્કી કરેલા સ્થળોએ ચકાસણી પૂર્ણ કરવાની સૂચના અપાઈ છે. રાજ્યના બાકીના જિલ્લાઓ દ્વારા પોતાની રીતે ચકાસણીના કાર્યક્રમોનું આયોજન કરીને ઉમેદવારોને હાજર રહેવા જણાવવામાં આવ્યું છે. ઉમેદવારોને સલાહ આપવામાં આવી છે કે, તેઓ પોતાના જિલ્લાની કચેરીની સૂચના મુજબ સમયસર તમામ અસલ કાગળો સાથે હાજર રહે, જેથી નિમણૂક પ્રક્રિયામાં કોઈ વિલંબ ન થાય.

ICSE બોર્ડનું ટાઈમટેબલ જાહેર ધો.૧૨ની ૮ અને ધો.૧૦ની ૧૫ ફેબ્રુઆરીથી

દેશ-વિદેશના ૩.૮૦ લાખ વિદ્યાર્થીઓ આપશે પરીક્ષા, તૈયારી માટે પૂરતો સમય મળશે

એપ્રિલ-મેમાં પરિણામ આવશે, સવારે ૧૦.૧૫થી પેપર લખવાનું શરૂ થશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

આઈસીએસઈ બોર્ડમાં ભણતા વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે મોટા સમાચાર છે. કાઉન્સિલ ફોર ધ ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન એ વર્ષ 2027ની બોર્ડ પરીક્ષાનું સમયપત્રક જાહેર કરી દીધું છે. હવે વિદ્યાર્થીઓને તૈયારી માટે પૂરતો સમય મળી જશે.

જાહેર થયેલા કાર્યક્રમ મુજબ, ધોરણ-12 આઈએસસીની થિયરી પરીક્ષાઓ 9 ફેબ્રુઆરી, 2027થી શરૂ થશે અને 8 એપ્રિલ, 2027 સુધી ચાલશે. ધોરણ-10 આઈસીએસઈની પરીક્ષાઓ 15 ફેબ્રુઆરી, 2027થી શરૂ થઈને 31 માર્ચ, 2027ના રોજ પૂરી થશે. બોર્ડે પરીક્ષા સાથે પરિણામનો પણ અંદાજ આપી દીધો છે. ધો.10 અને ધો.12 બંનેનું પરિણામ એપ્રિલ-મે માસમાં જાહેર કરવાનું આયોજન છે. દેશ અને વિદેશમાંથી કુલ 3,79,980 વિદ્યાર્થીઓ આ બંને પરીક્ષામાં બેસશે. ધો.10 માટે 3106 શાળાઓમાંથી અંદાજે 2.70 લાખ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી છે. જ્યારે ધો.12 માટે 1651 શાળાઓમાંથી કુલ 1,10,025 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ધો.10માં કુલ 76 વિષયો અને ધો.12માં 60 વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. બોર્ડે આ વખતે પરીક્ષાના સમયમાં પણ કેટલાક મહત્વપૂર્ણ ફેરફાર કર્યા છે. નવી માર્ગદર્શિકા મુજબ, વિદ્યાર્થીઓને સવારે 10 વાગ્યે પ્રશ્નપત્ર વાંચવા માટે આપવામાં આવશે. સવારે 10.15 વાગ્યે પેપર લખવાનું શરૂ કરી શકાશે. વિદ્યાર્થીઓએ સવારે 9.45 વાગ્યા સુધીમાં પોતાના પરીક્ષા ખંડમાં બેસી જવું ફરજિયાત રહેશે. દેશ અને વિદેશના હજારો પરીક્ષા કેન્દ્રો પર આ પરીક્ષાઓ કડક સુરક્ષા અને શિસ્તબદ્ધ વાતાવરણમાં લેવાશે.

વેપારીઓએ ૫ દિવસની રજા બાદ ફરી વેપાર-ધંધાની શરૂઆત કરી

વડોદરામાં આ દિવાળીએ ૩૫૦-૪૦૦ કરોડનો ધૂમ વેપાર

ગત વર્ષ કરતા ૧૫-૨૦% વધુ ધંધો, ચાઈનીઝ માલને બાકાત રાખી સ્વદેશી અપનાવ્યું



(પ્રતિનિધિ) વડોદરા, તા.14

લાભ પાંચમના શુભ મુહૂર્ત આજે વડોદરાના બજારોમાં ફરી ચહલ-પહલ જોવા મળી હતી. 5 દિવસની દિવાળીની રજા બાદ વેપારીઓએ વિધિવત રીતે પોતાના વેપાર-ધંધાની શરૂઆત કરી. આ વર્ષની દિવાળી વડોદરાના વેપારીઓ માટે ખરેખર લાભદાયી નીવડી છે.

વડોદરા વેપાર વિકાસ એસોસિએશન અને કેઈટ ગુજરાતના પ્રમુખ પરેશ પરીખે જણાવ્યું હતું કે, છેલ્લા 6 વર્ષના પ્રમાણમાં આ વર્ષે વેપારીઓએ સૌથી વધુ ધૂમ વેપાર કર્યો છે. ગત વર્ષની સરખામણીમાં લગભગ 15 થી 20 ટકા વધુ વેપાર થયો છે. આ વર્ષે ગ્રાહકોએ ઓનલાઈન કરતા બજારમાંથી વ્યાજબી ભાવે ખરીદી કરવાનું વધુ પસંદ કર્યું. છેલ્લા દોઢ મહિનાથી એસોસિએશન દ્વારા લોકોને લોકલ માર્કેટમાંથી ખરીદી કરવા સતત અપીલ કરાતી હતી, જેનું પરિણામ દેખાયું. ઈલેક્ટ્રોનિક, કપડા બજાર, ઈલેક્ટ્રિક આઈટમ, ફૂટવેર, ફરસાણ-મીઠાઈ, વાસણ, સોના-ચાંદી, ફટાકડા, ગિફ્ટ આઈટમ, બેકરી, ડ્રાયફ્રૂટ, હોમ ડેકોર, એફએમસીજી સહિત તમામ ચીજોની ધૂમ ખરીદી થઈ. હોટલ, રેસ્ટોરન્ટ, સ્ટ્રીટ ફૂડ અને પથારાવાળાઓએ પણ આ વર્ષે મબલખ વેપાર કર્યો હતો. પ્રધાનમંત્રીના આત્મનિર્ભર ભારત અને વોકલ ફોર લોકલના આહ્વાનથી પ્રેરાઈને આ વર્ષે ગ્રાહકોએ ચાઈનીઝ માલની ખરીદી ઘણી ઓછી કરી હતી. લોકોએ લોકલ દુકાનદારોને જ પ્રાધાન્ય આપ્યું. આ દિવાળીએ સમગ્ર ભારતમાં વેપારીઓએ લગભગ 7 લાખ કરોડથી વધુનો વેપાર કર્યો છે. ફક્ત ગુજરાતમાં 20,000 કરોડથી વધુ અને વડોદરામાં લગભગ 350થી 400 કરોડનો વેપાર થયો હોવાનો અંદાજ છે.

સમગ્ર દિવાળી પર્વ દરમિયાન ગુજરાત પોલીસના સરસ પેટ્રોલિંગને કારણે ચોરી અને ઉઠાંતગીરીના બનાવો પણ ખૂબ ઓછા બન્યા હતા. જૈન સમાજે આજે લાભ પાંચમ સાથે જ્ઞાન પંચમી પણ મનાવી. તમામ જૈન સ્થાનકોમાં પ્રાચીન ગ્રંથોની પૂજા કરવામાં આવી. જૈન વેપારીઓએ લાભ પાંચમ સાથે મા સરસ્વતીની પણ પૂજા કરી. કેઈટ ગુજરાત અને વડોદરા વેપાર વિકાસ એસોસિએશને તમામ વેપારીઓને વિક્રમ સંવત 2083માં ગત વર્ષ કરતા વધુ વેપાર થાય તેવી લાભ પાંચમની શુભેચ્છાઓ પાઠવી છે.

દૂધના કેરેટ અને ખુરશીઓ બે શખ્સો એ સળગાવ્યાં

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા શહેરના સયાજી ટાઉનશીપ રોડ પર ઈશાંતી હાઈટ્સ સામે આવેલી દુકાન બહાર આગ લગાવી નુકસાન પહોંચાડવાની ઘટના સામે આવી છે. બે અજાણ્યા શખ્સોએ દુકાન બહાર મૂકેલા દૂધના ખાલી કેરેટ અને મમરાના કેરેટ સહિતના સામાનને આગ ચાંપી દીધી હતી. આગમાં પાંચ દૂધના કેરેટ અને મમરાનો એક કેરેટ સંપૂર્ણ બળીને ખાખ થઈ ગયો હતો, જ્યારે અન્ય 10 કેરેટ અને બે પ્લાસ્ટિકની ખુરશીઓ અડધી બળી ગઈ હતી. ઉપરાંત દુકાનના લાઈટના વાયર અને બોર્ડને પણ નુકસાન થયું હતું.આ બનાવમાં દુકાનના માલિક તરૂણભાઈ સોલંકીને આશરે રૂ.5 હજારનું નુકસાન થયું હતું. બનાવ અંગે બાપોદ પોલીસ સ્ટેશનમાં બે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

૧૮ નવેમ્બરે મળનારી સભામાં તાંદલજાની ૯૭૮ ચો.મી. જમીનનો મુદ્દો કેન્દ્રમાં રહેશે

VMCની સામાન્ય સભામાં યુસુફ પઠાણને જમીન ફાળવણી મુદ્દે ભારે ગરમાવો આવવાના એંધાણ

VGLની આર્થિક સ્થિતિ, આવાસ યોજનાના ૩.૩.૭૧ કરોડના બાકી ભાડા અને કોન્ટ્રાક્ટરોને GST રાહતની દરખાસ્ત પણ રજૂ થશે

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય સભા 18 નવેમ્બર, બુધવારે સાંજે 5 વાગ્યે મળશે. આ સભામાં શહેરના રાજકીય અને વિકાસલક્ષી અનેક મહત્ત્વના મુદ્દાઓ પર ચર્ચા થશે. ખાસ કરીને પૂર્વ ક્રિકેટર અને સાંસદ યુસુફ પઠાણને તાંદલજા વિસ્તારમાં જમીન ભેટ આપવાની દરખાસ્ત ચર્ચાનું કેન્દ્ર બનશે.

તાંદલજા ટીપી સ્કીમ નંબર 22ના ફાઇનલ પ્લોટ નંબર 90માં આવેલી રહેણાંક હેતુની 978 ચોરસ મીટર જમીન ફાળવવાની દરખાસ્ત રજૂ થશે. રાજ્ય સરકારના ઠરાવ મુજબ 500 ચોરસ મીટર જમીન ભેટ તરીકે અને બાકીની 478 ચોરસ મીટર જમીન વુડાની વેલ્યુએશન કમિટીના મૂલ્યાંકનના 55 ટકા ભાવે આપવાની જોગવાઈ છે. સ્થાયી સમિતિની મંજૂરી બાદ હવે સામાન્ય સભામાં અંતિમ નિર્ણય લેવાશે. જોકે, અગાઉ જમીન પર દબાણ હોવા છતાં કાર્યવાહી ન થઈ હોવાના આક્ષેપો વચ્ચે આ મુદ્દો વિવાદાસ્પદ બન્યો છે.

વોર્ડ નંબર 1નાં કોંગ્રેસી મહિલા કાઉન્સિલર પુષ્પાબેન વાઘેલાએ વડોદરા ગેસ લિમિટેડની શેર કેપિટલ, આવક અને બેલેન્સશીટ અંગે સવાલો ઉઠાવ્યા છે. કોર્પોરેશનની હદ બહાર ગેસ પાઇપલાઇનની પરવાનગી અને ગ્રામ્ય વિસ્તારોમાંથી થતી આવક અંગે પણ સ્પષ્ટતા માંગવામાં આવી છે.

તાંદલજા ટીપી-22ના સહકારનગર આવાસ યોજનાના 1428 લાભાર્થીઓને દર મહિને રૂ.2 હજાર ભાડું ચૂકવવાનું નક્કી કરાયું હતું. કુલ 71 મહિનામાંથી 58 મહિનાનું રૂ.16.56 કરોડ ભાડું ચૂકવાયું છે, જ્યારે બાકીના 13 મહિનાનું રૂ.3.71 કરોડ ભાડું ચૂકવવાનું બાકી છે.

કેન્દ્ર સરકારે 2022માં GSTનો દર 12થી વધારી 18 ટકા કર્યો હતો. જુલાઈ 2022થી VMCમાં અમલી બનેલા વધારાના ભારણ સામે કોન્ટ્રાક્ટરોને 5.36 ટકાની રાહત આપવાની દરખાસ્ત પણ રજૂ થશે. આમ, વિવિધ મુદ્દાઓને લઈને સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે ઉગ્ર ચર્ચાનાં એંધાણ છે.